પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૫ | ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨, મંગળવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# લિઝ ટ્રુસ બ્રિટનના નવા વડાપ્રધાન

## બોરિસ જહોનસનના રાજીનામા બાદ બ્રિટનના વડાપ્રધાનનું પદ ખાલી હતું : લિઝ ટ્રુસ બોરિસ જોન્સનનું સ્થાન લેશે, તેમની સામે સૌથી મોટો પડકાર દેશમાં વધી રહેલી મોંઘવારી, ઊર્જા સંકટ અને બેરોજગારીને દૂર કરવાનો છે




લંડન, તા.૫

લિઝ ટ્રુસ બ્રિટનના નવા વડાંપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેણે ભારતીય મૂળના ભૂતપૂર્વ નાણામંત્રી ઋષિ સુનકને આકરા મુકાબલામાં હરાવ્યા છે. લિઝ ટ્રુસને ૮૧૩૨૬ વોટ મળ્યા જ્યારે તેમના હરીફ રિશી સુનકને ૬૦૩૯૯ વોટ મળ્યા. ઋષિ સુનકે પ્રથમ પાંચ રાઉન્ડમાં જંગી લીડ મેળવી હતી, પરંતુ કન્ઝર્વેટિવ પાર્ટીના સભ્યોના અંતિમ મતદાન દરમિયાન લિઝ ટ્રૂસે જીત મેળવી હતી. આ ચૂંટણીમાં પૂર્વ વડાપ્રધાન બોરિસ જોન્સને લિઝ ટ્રુસને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું. તેમણે પાર્ટીના સભ્યો અને સાંસદોને લિઝ ટ્રુસને મત આપવા પણ કહ્યું હતું. બોરિસ જોન્સન આરોપ લગાવી રહ્યા છે કે ઋષિ સુનાકના રાજીનામાના કારણે જ તેમણે વડાપ્રધાનની ખુરશી ગુમાવવી પડી હતી. લિઝ ટ્રૂસ હવે ૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન તરીકે બ્રિટિશ સંસદમાં હાજર રહેશે.

લિઝ ટ્રુસ કાંટાનો તાજ પહેરીને બ્રિટનના વડાપ્રધાન બન્યા છે. તેમની સામે અનેક પડકારો છે. તેમની વચ્ચે સૌથી મોટો પડકાર દેશમાં વધી રહેલી મોંઘવારી, ઉર્જા સંકટ અને બેરોજગારીને દૂર કરવાનો છે.

● અનુસંધાન પાન-૭ પર

# લખનૌની ફાઈવ સ્ટાર ‘લેવાના’ હોટેલમાં આગ : બેનાં મોત

## શોર્ટ સર્કિટના કારણે આગ લાગ્યાનું અનુમાન : હઝરતગંજ વિસ્તારની હોટેલમાં આગથી દાઝી ગયેલા સાત લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

લખનૌ, તા.૫

યુપીની રાજધાની લખનૌની ફાઈવ સ્ટાર હોટેલ લેવાના સ્યુટ્સમાં આગ લાગી છે. આગમાં કેટલાય લોકો દાઝી ગયા છે અને ૧ પુરુષ તથા ૧ મહિલાનું મોત થયું હોવાની માહિતી મળી છે. આગથી દાઝી ગયેલા ૭ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ હોટેલ હઝરતગંજ વિસ્તારમાં છે. અનેક લોકો હજુ પણ હોટેલમાં ફસાયેલા છે. ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમ લોકોને હોટેલની બહાર કાઢી રહી છે અને આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કરી રહી છે. હોટેલ રૂમની બારીઓના કાચને તોડીને લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જે ફલોર પર આગ લાગી ત્યાં ૩૦ રૂમ છે તેમાંથી ૧૮ રૂમ બુક હતા. દુર્ઘટના સમયે ત્યાં ૪૦-૫૦ લોકો હાજર હશે.




હોટેલમાં રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યુ છે. રૂમ નં. ૨૧૪માં એક પરિવાર ફસાયેલો છે. એક રૂમમાં બે લોકો બેભાન થઈ ગયા છે. હોટેલમાંથી બહાર કાઢવામાં આવી રહેલા બધા લોકોને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા છે. સવારે લગભગ ૬:૦૦ વાગ્યે હોટેલમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. જ્યારે એલાર્મ વાગ્યું ત્યારે લોકોને તેની જાણ થઈ હતી.

આગ હોટેલના ત્રીજા માળે લાગી હતી અને તે જોતજોતામાં આખી હોટેલમાં ફેલાઈ ગઈ હતી.


● અનુસંધાન પાન-૭ પર

# કેનેડામાં ૧૦ની ચપ્પુ મારીને હત્યા

## ૧૫થી વધારે લોકો ઘાયલ : બે શંકાસ્પદ વ્યક્તિઓને લઈને એલર્ટ જાહેર કર્યું : આરોપીઓએ કેટલાક પીડિતોને ટાર્ગેટ કર્યા હતા, અમુક લોકો પર અચાનક જ હુમલો કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી,તા.૫

કેનેડામાંથી ધ્રુજાવી દેવી ઘટના સામે આવી છે. કેનેડાના સસ્કેચવન વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ ચપ્પુથી હુમલો કરીને ૧૦ લોકોની હત્યા કરી નાખવામાં આવી છે. આ બનાવનમાં ૧૫ લોકો ઘાયલ છે. હુમલાખોર ફરાર થઈ ગયો છે. રોયલ કેનેડિયન માઉન્ટેન પોલીસ તરફથી હુમલાખોર માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસનું કહેવું છે કે જેમ્સ સ્મિથ ક્રી નેશન અને સસ્કેચવનના ઉત્તર-પૂર્વમાં વેલ્ડન ગામમાં અનેક




# ઉદ્ધવની MLCના ૧૨ દાવેદારોની યાદી રાજ્યપાલે રદ કરી નાખી

## એકનાથ શિંદેના પત્રથી ઉદ્ધવને વધુ એક આંચકો : શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ પસંદ કરેલા તે ચહેરાઓને વિધાન પરિષદમાં નોમિનેટ કરવાના હતા

મુંબઈ, તા.૫

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે દ્વારા મોકલવામાં આવેલા એક પત્ર બાદ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ ઉદ્ધવ ઠાકરેને વધુ એક ઝાટકો આપ્યો છે. રાજ્યપાલે ઉદ્ધવ ઠાકરેએ પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન એમએલસીના દાવેદાર તરીકે જે ૧૨ લોકોના નામની ભલામણ કરી હતી તે યાદીને રદ કરી દીધી છે. ઉદ્ધવ ઠાકરેએ પસંદ કરેલા તે ચહેરાઓને વિધાન પરિષદમાં નોમિનેટ કરવાના હતા.

મુખ્યમંત્રી એકનાથ શિંદેએ થોડા દિવસો પહેલા જ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને પત્ર લખીને તે યાદીને રદ કરવા માટે અરજી કરી હતી. ઉપરાંત તે પત્રમાં તેમની સરકાર વિધાન પરિષદ માટે દાવેદારોની યાદી મોકલશે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ રાજ્યની કમાન સંભાળ્યાના એક વર્ષ બાદ નવેમ્બર ૨૦૨૦માં વિધાન પરિષદમાં નોમિનેશન માટે રાજ્યપાલ કોશ્યારીને ૨૦ પ્રતિષ્ઠિત લોકોની એક યાદી સોંપી હતી. ત્યારબાદ કેબિનેટે તે પ્રસ્તાવને મંજૂરી આપી દીધી હતી અને રાજ્યપાલ ૧૨ ઉમેદવારોની વિધાન પરિષદના સદસ્ય તરીકેના નોમિનેશનની જાહેરાત કરશે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# યુરો નબળો પડતાં અમેરિકન ડોલર ૨૦ વર્ષની ટોચે પહોંચ્યો

## ડોલર ઇન્ડેક્સ અત્યારે ૧૧૦.૨૩ની સપાટી ઉપર છે જે છેલ્લે વર્ષ ૨૦૦૨માં આ સ્તરે જોવા મળ્યો હતો

મોસ્કો, તા.૫

રશિયાએ યુરોપિયન સંઘને આપવામાં આવતા ગેસનો પુરવઠો ચાલુ નહિ કરતા યુરો ડોલર સામે વધુ એક નીચા સ્તરે પટકાયો છે. યુરો નબળો પડતાં અમેરિકન ડોલર ખુલતી બજારે આજે ૨૦૦૨ પછીના સૌથી ઉંચી સપાટીએ પહોંચી ગયો છે.

વિશ્વના છ મુખ્ય ચલણ સામે અમેરિકન ડોલરનું મૂલ્ય નક્કી કરતો ડોલર ઈન્ડેક્સ અત્યારે ૧૧૦.૨૩ની સપાટી ઉપર છે જે છેલ્લે ૨૦૦૨ માં અહી જોવા મળ્યો હતો. ડોલરના મૂલ્યમાં વધારો સૂચવે છે કે લોકો જોખમ છોડી સલામતીને પ્રાથમિકતા આપી રહ્યા છે. ગત સપ્તાહે ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં આક્રમક વધારો ચાલુ રાખશે એવા ચેરમેન પોવેલના નિવેદન પછી ડોલરમાં તેજી આક્રમક બની છે. આજે ખુલતી બજારે ડોલર સામે યુરો ૦.૯૯, પાઉન્ડ ૧.૧૪ અને યેન ૧૪૦.૩૧ ની સપાટી ઉપર છે.

# સાયરસ મિસ્ત્રીને વર્લીના સ્માશાન ઘાટ પર અંતિમ સંસ્કાર કરાશે

## ડોક્ટર્સની ટીમે સાયરસ મિસ્ત્રી અને પંડોલનું પોસ્ટમોર્ટમ કર્યું, મંગળવારે સવારે ૧૦ વાગે અંતિમ વિધિ કરાશે

મુંબઈ, તા.૫

અમદાવાદથી મુંબઈ જતા માર્ગ અકસ્માતનો શિકાર બનેલા ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન સાયરસ મિસ્ત્રીના અંતિમ સંસ્કાર મંગળવારે કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મંગળવારે સવારે ૧૦:૦૦ વાગ્યે મુંબઈના વર્લી સ્મશાન ઘાટ પર તેમને અંતિમ વિદાય આપવામાં આવશે. આજે સવારે ડોક્ટર્સની ટીમે મિસ્ત્રી અને પંડોલનું પોસ્ટમોર્ટમ કર્યું હતું. કાર અકસ્માતમાં મૃત્યુ પામનારા સાયરસ મિસ્ત્રી અને જહાંગીરી પંડોલના મૃતદેહને જેજે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, બંનેના મૃતદેહોને શબઘરમાં રાખવામાં આવ્યા છે. આ માર્ગ અકસ્માતમાં ઘાયલ ગાયનેકોલોજિસ્ટ અનાહિતા પંડોલ અને તેના પતિ ડેરિયસ પંડોલને ગુજરાતના વાપીથી મુંબઈ લઈ જવામાં આવ્યા છે. અકસ્માત બાદ બંનેને વાપી શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું કે, બંને ઘાયલોને રોડ માર્ગે મુંબઈ લઈ જવામાં આવ્યા છે જ્યાં તેમને વધુ સારી સારવાર આપવામાં આવશે.

કારમાં સાયરસ મિસ્ત્રી ઉપરાંત જહાંગીર પંડોલ, ગાયનેકોલોજિસ્ટ અનાહિતા પંડોલ અને તેમના પતિ ડેરિયસ પંડોલ સવાર હતા. કાર અનાહિતા પંડોલ ચલાવી રહી હતી.

# એક્સાઈઝ સ્કેમમાં ભાજપે સ્ટિંગ રજૂ કરી આપ પર આક્ષેપ કર્યા

નવી દિલ્હી, તા.૫

દિલ્હીમાં ઉભો થયેલ એક્સાઈઝ સ્કેમ અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. દિલ્હીની આમ આદમી પાર્ટી પર બીજેપીએ એક સ્ટિંગ રજૂ કરીને ભ્રષ્ટાચારનો આક્ષેપ મુક્યો છે.

દિલ્હી સરકારની નવી લિકર પોલિસીને લઈને શરૂ થયેલો વિવાદ મુદ્દે હવે બીજેપીએ નવો ઘટસ્ફોટ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ પ્રેસ કોન્ફરન્સ કરીને સ્ટિંગ ઓપરેશનનો વીડિયો જાહેર કરી કેજરીવાલ સરકારને ઘેરી છે.

અમિત માલવિયાએ રજૂ કરેલ સ્ટિંગના વીડિયોમાં એક વ્યક્તિ કહી રહ્યો છે કે તેનો ૮૦ ટકા નફો છે એટલે કે ૧ રૂપિયાનો માલ વેચવા પર ૮૦ પૈસાનો નફો

● અનુસંધાન પાન-૭ પર

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!

Zydus Hospitals Cancer Centre

10 સપ્ટેમ્બર, શનિવારના રોજ

ડૉ. સુપ્રીત ભટ્ટ
MS, M.Ch
મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત
● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
● 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

કેન્સરની સારવાર: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર

સાંજે 6.00 થી 8.00 કલાકે


માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.




- Other than Tamil Nadu, present in 15 other states and 4 Union Territories of India
- As of March 31, 2022, have 509 branches, of which 106 branches are in rural, 247 in semi-urban, 80 in urban and 76 in metropolitan centres
- Wide range of banking and financial services primarily to micro, small and medium enterprises (“MSME”), agricultural and retail customers (“RAM”)
- Customer base is approximately 5.08 million as of March 31, 2022
- Increasing our existing customer base and have introduced alternate banking channels such as ATMs, CRMs, internet banking, mobile banking, e-Lobbies, point of sales (“PoS”) banking, debit and credit cards
- Received several awards: “Annual APY award for the fiscal 2021-22 by the Pension Fund Regulatory and Development Authority”; “BFSI Award for Digital Financial Inclusion” on May 29, 2019 in the Governance Now 4th India Banking Reforms Conclave 2019; “Social Banking Excellence Award 2018” by ASSOCHAM India; felicitated by the Life Insurance Corporation of India on completion of “₹51.56 Crore First Premium” in the Fiscal 2016-17

TMB Tamilnad Mercantile Bank Ltd
Be a step ahead in life

www.tmb.in

**TAMILNAD MERCANTILE BANK LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus, with the Registrar of Companies, Tamil Nadu at Chennai on August 26, 2022. Investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the Red Herring Prospectus read together with the addendum to the Red Herring Prospectus - Notice to Investors dated August 29, 2022 (together, the "RHP"), including the section titled "Risk Factors" on page 20 of the RHP. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Motilal Oswal Investment Advisors Limited and SBI Capital Markets Limited at www.axiscapital.co.in, www.motilaloswalgroup.com and www.sbicaps.com, respectively. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933 (the “U.S. Securities Act”) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of each jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 261B